# લોક સુનાવણીમાં પ્રજાનો રોષ પારખી કલેક્ટરે સુનાવણી ટાળી

## અરવલ્લીના બાયડ તાલુકાના ખેડૂતોનો ઝેરી કેમિકલ પ્રોજેક્ટ સામે વિરોધ : આજે બંધ પાડવામાં આવ્યું

બાયડ, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સેમલીયા અને મહિસાગર જિલ્લાના રણજીતપુરા કંપા સહિતના વિસ્તારોની અંદાજીત ૧૫૦ વિઘા જમીનમાં જોખમી કચરાના નિકાલ માટેનો પ્લાન્ટ સ્થપાતાં જાગેલા વિરોધ વંટોળ પછી અરવલ્લી જિલ્લાના ખેડૂતોની લોક સુનાવણી જિલ્લા કલેક્ટરની ઉપસ્થિતિમાં સ્થળ ઉપર યોજાતાં ખેડૂતોએ પર્યાવરણ બચાવો, અમારી જમીનો રહેવા દો... તેવા આક્રોશ સાથે નારા પોકારવાની સાથે સમયમર્યાદાની અરજી સંદર્ભે ભંગ થયાનું બહાર આવતા જિલ્લા કલેક્ટર લોક સુનાવણી મુલત્વી રાખી રવાના થઈ ગયા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બન્ને જિલ્લાના ૨ ડી.વાય.એસ.પી., ૧૨ પી.એસ.આઈ. સહિત ૩૦૦નો પોલીસ કાફલો તૈનાત કરાયો હતો. જ્યારે જોખમી કચરાના નિકાલ માટે પ્લાન્ટ ઉભો કરવા સરપંચોની



ખોટા સહી - સિક્કાવાળા લેટરપેડનો ઉપયોગ થયાનું બહાર આવતાં તડાફડી મચી ગયાનું જાણવા મળ્યું છે.

બાયડ, વિરપુર તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં હજારો એકર જમીન ખરીદ્યા પછી કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયની મહેરબાનીથી મે. ધી ગ્રીન એન્વાયરોમેન્ટ સર્વિસ કો. ઓ. સોસાયટી લી.ના નેજા હેઠળ બન્ને જિલ્લામાં જમીન ખરીદી જોખમી કચરાના નિકાલ માટેનો પ્લાન્ટ ઉભો કરવાની પેરવી શરૂ કરાતાં ખેડૂતો રોષે ભરાયા હતા. છેલ્લા ૧૫ દિવસથી આ મામલે આરપારની લડાઈ લડી લેવા ખેડૂતો મક્કમ બન્યા હતા. તા. ૮ના રોજ મહિસાગર જિલ્લાના ખેડૂતોની જિલ્લા કલેક્ટરની ઉપસ્થિતિમાં પરી યોજનાની લોક સુનાવણી






સવારે ૧૧ કલાકે યોજી ત્યારે હજારો ખેડૂતો પરિવાર સાથે સ્થળ ઉપર આવી પ્લાન્ટનો વિરોધ કર્યો હતો. તે લોક સુનાવણી પણ સ્થગિત કરવામાં આવી હતી. જ્યારે આજે અરવલ્લી જિલ્લાના લોકોની પણ લોક સુનાવણી રાખવામાં આવી હતી. લોક સુનાવણી અગાઉ વાંધા આપનારને એક મહિના સુધીની મુદત આપવાની હોય છે. પરંતુ સદર કિસ્સામાં તેનું ઉલ્લંઘન થયાનું ધ્યાન ઉપર આવ્યા પછી કલેક્ટરે બેઠક મુલત્વી રાખી હતી. જ્યારે જે સરપંચોના નામે ના વાંધાના પ્રમાણપત્રો રજૂ કરવામાં આવ્યા છે તે બોગસ હોવાનું બહાર આવતાં જોખમી કચરાના પ્લાન્ટ ઉભો કરવામાં અનેક તલાટીઓએ કટકી લઈ સરપંચોના સહી - સિક્કાવાળા લેટરપેડ ધાબડ્યાની આશંકા ઉભી થઈ છે. અરવલ્લી



જિલ્લાના બાયડ પંથકના ખેડૂતોની લોક સુનાવણીમાં આ મુદ્દે મોટું ધમાસણ મચાવી હતી અને રજૂઆત કરી હતી.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની સરહદને અડીને આવેલા સીમલીયા ગામ નજીકના સીમાડામાં જોખમી કચરાના નિકાલ માટેના પ્લાન્ટ અંતર્ગત અરવલ્લીના સમાહર્તાની ઉપસ્થિતિમાં લોક સુનાવણી યોજાય તે અગાઉ ખેડૂતોએ બેનરો સાથે પ્લાન્ટનો ઉગ્ર વિરોધ કર્યો હતો. જ્યારે કટકીબાજ તલાટીઓ કે પછી અન્ય દલાલોએ સરપંચના નામે બોગસ પ્રમામપત્રો આપી પ્લાન્ટની તરફદારી કર્યાનો પર્દાફાશ થતાં કલેક્ટર પણ સમસમી ઉટ્યાનું જાણવા મળ્યું છે. આ વિસ્તારના લોકો અને ખેડૂતોએ જણાવ્યું હતું કે અમે જીવ આપી દઈશું પરંતુ પ્લાન્ટ શરૂ કરવા નહીં દઈએ જો પ્લાન્ટ અહીં થશે તો અમે લોકો બરબાર થઈ જઈશું જેથી પ્લાન્ટ અન્ય સ્થળે લઈ જવામાં આવે.

જો આ પ્લાન્ટ અહીં સ્થાપવામાં આવે તો લોકોના જણાવ્યા મુજબ અંદાજે અરવલ્લી અને મહીસાગર જિલ્લાના ૪૫ જેટલા ગામોને અસર કરશે અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠશે. જેથી આ



પ્લાન્ટ અન્ય લઈ જવામાં આવશે. હાલ તો કલેક્ટર દ્વારા સુનાવણી મોકૂફ રાખવામાં આવી છે. સુનાવણીની નવી તારીખમાં હવે નવેસરથી લોકોને સાંભળવામાં આવશે અને નિર્ણય લેવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### રામનગર સોસાયટીમાંથી ૨૦ હજારનું બાઈક ચોરાયું

હિંમતનગરની રામગનર સોસાયટીમાંથી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સોએ આવીને શ્રવણકુમાર ભવરલાલ ગોહિલનું રૂ. ૨૦ હજારની કિંમતનું પાર્ક કરેલું બાઈક નં. જીજે.૦૯.સીજી.-૨૦૭ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા શ્રવણકુમાર ગોહિલે શનિવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### પુનાસણ સ્ટેન્ડ નજીક ટ્રેક્ટરે ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર તાલુકાના બામણા ગામના એક શખ્સને ટ્રેક્ટરના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરતા તેઓ ટ્રેક્ટર પરથી પડી જતા માથામાં ગંભીર ઈજા થઈ હતી. જેથી તેમનું મોત નિપજ્યું હતું.

ગત શુક્રવારે પુનાસણ સ્ટેન્ડ નજીકથી ટ્રેક્ટર નં. જીજે.૯.એ.૫૮૭૯ના ચાલક ભરતભાઈ રમણભાઈ તડવીએ ગફલતભરી રીતે ટ્રેક્ટર ચલાવતા ટ્રેક્ટરમાં બેઠેલ બળવંતભાઈ મોહનભાઈ મકવાણા નીચે પટકાયા હતા. જેથી તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. ત્યારબાદ આ અંગે ભરતભાઈ તડવીએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ચાંદરણીની સીમમાંથી ૮ હજારની ડ્રીપ પાઈપ ચોરાઈ

હિંમતનગર તાલુકાના ચાંદરણી ગામના જશવંતભાઈ મગનભાઈ પટેલના ખેતરમાંથી તા. ૫ જાન્યુઆરીને રાત્રે અજાણ્યા શખ્સો ડ્રીપ પાઈપના રૂ. ૮ હજારની કિંમતના પાંચ બંડલની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા જશવંતભાઈ પટેલે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ શનિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજના તાજપુર પ્રાથમિક શાળામાં તાળાબંધી યથાવત

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે આવેલ



પ્રાથમિક શાળા નંબર-૧માં ગ્રામજનો દ્વારા શાળાના સ્ટાફના વિખવાદને લઈને તાળા મારવામાં આવ્યા હતા. જે ચોથા દિવસે પણ યથાવત છે.

તાજપુર ખાતે આવેલ શાળામાં શાળા સ્ટાફ દ્વારા અંદરોઅંદર વિખવાદના કારણે બાળકોના ભવિષ્યને લઈને ગ્રામજનો તથા એસ.એમ.સી.ના સભ્યો દ્વારા સમગ્ર સ્ટાફની બદલીને લઈ શાળાને તાળા મારવામાં આવ્યા હતા.જે ચોથા દિવસે પણ ના ખુલ્યા. સરકારી



અધિકારીઓ સહિત જિલ્લા પંચાયતના સભ્યો સહિત શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલા સહિતના અધિકારીઓની ટીમ તાજપુર ખાતે ઉતરી પડી હતી. પણ ગ્રામજનો તસના મસ ના થયાને તાળાબંધી યથાવત રાખી. જ્યારે સરકાર દ્વારા શાળાઓમાં ચાલતા ગુણોત્સવ કાર્યક્રમમાં જ શાળામાં શિક્ષકોનું મુલ્યાંકન ગ્રામજનોએ કર્યું હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે આ શાળાના બાળકોનો



અભ્યાસ પણ શાળાના શિક્ષકોના કારણે બગડતો હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. ત્યારે ગ્રામજનો દ્વારા બાળકોના ભાવીનો વિચાર કરી સ્ટાફ સામે લડી લેવાના અને નવો સ્ટાફ મુકવા તંત્ર સાથે રજુઆત કરી છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ચોથા દિવસે પણ શું શાળાના દરવાજા ઉપર મારવામાં આવેલ તાળુ ખુલશે કે કેમ?

# પાટીદારો અનામત આંદોલન આકાશે ચઢાવશે : પતંગ દ્વારા આંદોલન

## પાટીદાર અનામત મેળવવા પાટીદારોનો નવો કિમીયો કે પછી ધંધાદારીઓનો કમાઉ કિમીયો

મોડાસા, તા. ૧૦

ગુજરાત રાજ્યમાં પાટીદાર અનામત આંદોલનની સૌથી વધારે અસર ઉત્તર ગુજરાતમાં જોવા મળી હતી. પાટીદાર અનામત આંદોલન દ્વારા પાટીદાર સમાજે અનામત મેળવવા ભાજપના નાકે દમ લાવી દીધો હતો. પાટીદારોની નારાજગીને લીધે ભાજપાએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવા યોજાતા ગુણોત્સવ કાર્યક્રમનો પણ પાટીદાર બાળકો દ્વારા શાળાએ ન મોકલી વિરોધ નોંધાવ્યો હતો ત્યારે પાટીદાર સમાજ દ્વારા અનામત અંગેની લડાઈ વેગવાન બનાવા તથા અનામત મેળવવા પતંગ દ્વારા અનામત આંદોલન આકાશે ચઢાવશે અને ઉત્તરાયણ ત્યૌહારમાં પતંગને બનાવ્યું છે લડાઈનું સાધન કે પછી પતંગ બનાવનાર ધંધાદારીઓ દ્વારા




પાટીદાર અનામત આંદોલનોના પતંગ બનાવી કમાવવા કિમીયો અજમાવ્યો?

ઉત્તરાયણના ત્યૌહારને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ઉત્તરાયણ પર્વની લોકપ્રિયતા જોતા પાટીદાર અનામત આંદોલનકારીઓએ પોતાની લડતને વધુ ઉગ્ર બનાવવા પાટીદારો અનામત આંદોલનના ચિત્રો દોરેલા પતંગો આકાશે ચઢાવશે. પતંગ પર પાટીદાર અનામત આંદોલનની માંગણી અને વિવિધ સૂત્રો છાપીને વધુને વધુ નાગરિકો અને પાટીદારો સુધી લડતને પહોંચાડવા પ્રયાસ હાથ ધરાયા છે. પાટીદાર આંદોલનકારીઓ કે પછી પતંગ બનાવતા ધંધાદારીઓએ પતંગ પર ''જય સરદાર જય પાટીદાર''



''અનામત અમારો હક્ક છે અને અમે તે આન બાન અને શાનથી મેળવીશું'' જેવા સૂત્રો સાથેના પતંગો ઉત્તર ગુજરાતના પતંગબજારોમાં જોવા મળી રહ્યા છે. પાટીદાર સમાજ દ્વારા અનામત મેળવવા અનેક આંદોલનો દ્વારા શાંતિપૂર્વક અને ઉગ્ર સ્વરૂપ રાજ્ય સરકાર સામે લડત છેડવામાં આવી હતી અને હાલના તબક્કે પણ આમરણાંત ઉપવાસ આંદોલન, પ્રતિક ઉપવાસ આંદોલન અને ગુણોત્સવ કાર્યક્રમનો વિરોધ દ્વારા અનામત મેળવવા મક્કમ બન્યા છે. પાટીદાર અનામત આંદોલનની જમીની લડાઈ હવે આકાશે લડાશે તેમજ આંદોલનની વધુ અસર બની રહે તે માટે પાટીદારોએ અજમાવેલો કિમીયો હવે હવામાં કેટલો ઉંચે ચઢે કે પછી ગોથા ખાસે તે ખાસ જોવું રહ્યું.

પાટીદાર અનામત આંદોલનના સુત્રો દર્શાવતા પતંગો ઉત્તર ગુજરાતના બજારોમાં ઉપલબ્ધ છે ત્યારે આ સૂત્રોચ્ચારવાળા પતંગનું નિર્માણ અનામત આંદોલનકારીઓ દ્વારા બજારોમાં ઠાલવવામાં આવ્યો છે કે પછી પતંગ બનાવતા ધંધાદારીઓ દ્વારા અનામત આંદોલનો લાભ લઈ રૂપિયા કમાઈ લેવા પતંગ બજારમાં પતંગ ઉતારવામાં આવ્યા છે એ બાબત આમ આદમી માટે યક્ષ પ્રશ્ન બની રહ્યો છે.

# બનાસકાંઠાના ઉણ ખાતે સાયન્સ કોલેજના સંકુલનું ઉદ્‌ઘાટન કરાયું

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ઉણ ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને શ્રી ઉણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજના બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન પ્રતિમા અનાવરણ અને દાતાઓના સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતા અધ્યક્ષ ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે કાંકરેજ તાલુકામાં શિક્ષણરૂપી જ્ઞાનની જ્યોત પ્રગટાવવા સાયન્સ કોલેજના નવિન બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જેનાથી આ વિસ્તારના વિદ્યાર્થીઓને ખુબ ફાયદો થશે. તેમણે કહ્યું કે શ્રી ઉણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ પ્રેરણાદાયી છે. આર્થિક અને સામાજિક રીતે પછાત વિસ્તારોમાં દાતાઓના સહયોગથી શિક્ષણક્ષેત્રે ખુબ સારૂ કામ કરી શકાયું છે.

અધ્યક્ષ વસાવાએ જણાવ્યું કે મનુષ્યના જીવનમાં શિક્ષણનું અમુલ્ય યોગદાન છે. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓના ઘડતરમાં માતાપિતા પછી શિક્ષકની ભૂમિકા બહુ જ મહત્વની હોય છે. તેમણે કહ્યું કે ચાણક્યએ પણ શિક્ષક વિશે કહ્યું કે વિદ્યાર્થીઓના ઘડતરમાં માતા-પિતા પછી શિક્ષકની ભૂમિકા બહુ જ મહત્વની હોય છે. તેમણે કહ્યું કે ચાણક્યએ પણ શિક્ષક વિશે કહ્યુ છે



કે શિક્ષક કભી સાધારણ નહી હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પહલતે હૈ. તેમણે ઉમેર્યું કે બીજા કોઈપણ ક્ષેત્રમાં ભુલ થાય તો તેની એટલી અસર થતી નથી. જ્યારે શિક્ષક એક ભૂલ કરે તો તેની અસર આખી પેઢી અને સમાજ ઉપર પડે છે. ત્યારે શિક્ષકોની સવિશેષ જવાબદારી બને છે. તેમણે કહ્યું કે શ્રી ઉણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત શાળાએ ખુબ સારી નામના મેળવી છે જે અભિનંદનને પાત્ર છે. દાતાઓશ્રી અનિલભાઈ મોદી અને નારણભાઈ ઠક્કરે આ સંસ્થામાં માતબર રકમનું દાન આપી આ વિસ્તારની ખુબ મોટી સેવા કરી છે તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ઓગડ દેવ દરબાર મઠના મહંતશ્રી ૧૦૦૮ બળદેવનાથજી, થરા મહાકાળી મંદિરના પૂ. મમતા મયી, ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરા, અગ્રણી અચરતલાલ ઠક્કર, દાતા સર્વ શ્રીમતી કુમુદબેન અનિલભાઈ મોદી, શ્રીમતી જ્યોત્સનાબેન નારણભાઈ ઠક્કર, શ્રીમતી મંજુલાબેન સોની, શ્રી બાબુભાઈ કુરીયા, અગ્રણીઓ સહિત શાળાનો સ્ટાફ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### પ્રાંતિજમાં રોડ ક્રોસ કરતી મહિલાને વાહને હડફેટે લેતાં મોત

પ્રાંતિજમાંથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રની સામેથી રવિવારે સવારે પસાર થઈ રહેલી રામનગર છાપરાની મહિલાને અજાણ્યા વાહને ટક્કર મારતા તેણીનું મોત નિપજ્યું હતું. જે અંગે પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રામનગર છાપરામાં રહેતા માયાબેન પ્રતાપજી ચૌહાણ (ઉં.વ.૬૫) રવિવારે વહેલી સવારે મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રની સામેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે માયાબેનને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ત્યારબાદ જયેશભાઈ પ્રતાપજી ચૌહાણે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ વિસ્તારમાં વાહનોની અવરજવરમાં વધારો થયો હોવાને કારણે એક વર્ષમાં ૧૦થી વધુ લોકો મોતને ભેટ્યા છે. જેથી સ્પીડ બ્રેકર મુકવામાં આવે તે જરૂરી છે.

### મહેસાણાના સ્વ. મયુર પટેલના પરિવારને ૨૩ લાખની સહાય અપાઈ

જિલ્લામાં તાજેતરના આંદોલનમાં ઈજા પામેલા મહેસાણાના શ્રી મયુરકુમાર નટવરલાલ પટેલની ૧૨૨ દિવસની સારવાર બાદ મૃત્યુ થયું હતું. મયુર પટેલની સારવાર પાછળ મોટો ખર્ચ થયેલ હતો. આ તમામ થયેલ ખર્ચની રકમ મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે મુખ્યમંત્રીશ્રી રાહતનિધિમાં ફંડમાં આપી હતી. જેનો રૂ. ૧૪,૬૦,૬૨૭નો ચેક આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ મયુરની માતા અને તેના દાદાને જિલ્લા કલેક્ટર કચેરી મહેસાણા ખાતે આપ્યો હતો. આ પહેલા જિલ્લા કલેક્ટર લોચન સેહરાએ ૪ નવેમ્બરના રોજ રૂપિયા ૯,૦૩,૨૮૦ની સહાય આપી હતી. જેથી કુલ મળી મયુર પટેલના પરિવારને રાજ્ય સરકારે રૂ. ૨૩,૬૩,૯૦૭ની રકમ રાજ્ય સરકારે આપી છે.